# ઈન્ડિયાફર્સ્ટ લાઈફ અને નોર્થર્ન આર્ક કેપિટલે ટાઈ-અપ કર્યું

મુંબઈ તા. ૧૦: ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ દ્વારા નોર્થર્ન આર્ક કેપિટલ લિમિટેડ સાથે એક સ્ટ્રેટેજીક કોર્પોરેટ એજન્સી ટાઈ-અપ ભાગીદારી જાહેર કરાઈ છે. આ કરાર હેઠળ, નોર્થર્ન આર્ક ઈન્ડિયાફર્સ્ટ લાઈફના જીવન વીમા પ્રોડક્ટ્સની વ્યાપક શ્રેણી, જેમાં ટર્મ, બચત, નિવૃત્તિ સોલ્યુસન્સનો સમાવેશ છે, તેના સમગ્ર ભારતમાં ફેલાયેલા નેટવર્ક દ્વારા વિતરિત કરશે. ડેટા સમૃધ્ધ ટેકનોલોજી સોલ્યુશન્સ, મજબૂત ક્ષેત્રીય કૂશળતા, સુદ્રઢ જોખમ વ્યવસ્થાપન અને મૂળ ભાગીદારોના નાણાકીય ઈકોસિસ્ટમ દ્વારા સંચાલિત, નોર્થર્ન આર્ક વૈવિધ્યસભર ધિરાણ, પ્લેસમેન્ટ અને ફંડ મેનેજમેન્ટ બિઝનેસનું સંચાલન કરે છે.